લેખિત ખાતરીના એક વર્ષ બાદ પણ અમલવારી શૂન્ય | ૩. ૫૦ લાખથી વધુની ચૂકવણી થઈ હોવાના દાવા વચ્ચે તપાસની માંગ

વરાસી નદીના ચેકડેમની ઊંચાઈ વધારવાનું કામ અધૂરું રહેતા રોષ

કપડવંજમાં પાણીના યોગ્ય સંગ્રહ વિના ખેડૂતો સિંચાઈથી વંચિત

(પ્રતિનિધિ) કપડવંજ તા.૨૧

કપડવંજ તાલુકાના નવાગામ રોડ પર આવેલી વરાસી નદી પરના ચેકડેમની ઊંચાઈ વધારવા અંગે સિંચાઈ વિભાગની લેખિત ખાતરી છતાં એક વર્ષથી વધુ સમય વીતી જવા છતાં કામગીરી ન થતાં સ્થાનિક ખેડૂતોમાં ભારે અસંતોષ વ્યાપી ગયો છે. નડિયાદ સિંચાઈ પેટા વિભાગ દ્વારા ૩૦મી જૂન ૨૦૨૫ના રોજ ચોમાસા બાદ કામગીરી કરવાની લેખિત બાંહેધરી આપવામાં આવી હતી. પરંતુ સતત બીજા વર્ષે પણ ચોમાસું પૂર્ણ થવાના આરે હોવા છતાં કામગીરી ન થતાં સિંચાઈ અને ભૂગર્ભજળ રિચાર્જના લાભથી ખેડૂતો વંચિત રહ્યા છે.

રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા જળસંચયના હેતુથી લાખો-કરોડો રૂપિયાના ખર્ચે ચેકડેમો બનાવવામાં આવે છે, પરંતુ વરાસી નદીના ચેકડેમમાં પૂરતો પાણી સંગ્રહ ન થવાના કારણે ખેડૂતોએ અગાઉ ઉગ્ર રજૂઆતો કરી હતી. આ સંદર્ભે નડિયાદ સિંચાઈ વિભાગે આલેખન કરાવીને ચોમાસા બાદ પાણી ખાલી થતાં જ ચેકડેમની ઊંચાઈ વધારવાની લેખિત ખાતરી આપી હતી. ખેડૂતોના જણાવ્યા મુજબ, જો આ કામગીરી સમયસર થઈ હોત તો ઉપરવાસ અને આસપાસના ગામોના ખેડૂતોને ચોમાસાના પાણીનો વ્યાપક લાભ મળી શક્યો હોત.

ખેડૂતોએ સમગ્ર મામલે સ્થળ તપાસ કરાવી ટેન્ડર, વર્ક ઓર્ડર, માપપોથી અને ચૂકવાયેલી રકમની નિષ્પક્ષ તપાસ કરી બેદરકાર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર સામે કડક કાર્યવાહી કરવા માંગ કરી છે.

ચૂકવણી અંગે પણ સવાલો

આ કામગીરી માટે અગાઉ ટેન્ડર પ્રક્રિયા હાથ ધરીને અંદાજે ૩. ૫૦ લાખથી વધુની રકમ ચૂકવાઈ હોવાનો પણ દાવો કરવામાં આવી રહ્યો છે. જેને પગલે હવે સમગ્ર મામલાની ઊંડી તપાસની માંગ ઉઠી છે. સરકારી અધિકારી દ્વારા આપવામાં આવેલી લેખિત ખાતરીનું પાલન ન થાય તો જવાબદારી કોની નક્કી થશે ? તે અંગે કપડવંજ તાલુકાના ખેડૂતોમાં ચર્ચા જગાવી છે. ખેડૂતોની નજર હવે એ બાબત પર છે કે આ કામ ક્યારે શરૂ થશે અને જવાબદારો સામે શું પગલાં લેવાશે ?

ખેડામાં 'લઠ્ઠાકાંડ' જેવી હોનારત રોકવા દારૂબંધીના કડક અમલ કરવા કોંગ્રેસની માંગ

ખેડા જિલ્લામાં મોટા બૂટલેગરોના નેટવર્કને નેસ્તનાબૂદ કરવા માંગ

હાઇવે પર ઘનિષ્ઠ દરોડા પાડવા કલેક્ટરને આવેદનપત્ર અપાયું

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૧

ભાવનગર જિલ્લામાં નકલી દારૂના સેવનથી સર્જાયેલી ગંભીર હોનારત અને જાનહાનિના પગલે ખેડા જિલ્લામાં પણ તેના ઘેરા પડઘા પડ્યા છે. ખેડા જિલ્લામાં આવી કોઈ અઘટિત ઘટના કે લઠ્ઠાકાંડ ન સર્જાય તે માટે દારૂબંધીનો ચુસ્ત અમલ કરાવવા અને બુટલેગરો સામે આકરી કાર્યવાહી કરવા માટે ખેડા જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. આ સાથે જ, જિલ્લાની વિવિધ તાલુકા પંચાયતોમાં વિકાસ કાર્યો અને ગ્રાન્ટની ફાળવણીમાં થઈ રહેલા પક્ષપાત અને ઓરમાયા વર્તન સામે જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ પણ ઉગ્ર રજૂઆત કરી બીજું આવેદનપત્ર સોંપવામાં આવ્યું છે.

ખેડા કલેક્ટરને સોંપાયેલા આવેદનપત્રમાં કોંગ્રેસે ઉગ્ર માંગણી કરી છે કે, પોલીસ દ્વારા માત્ર નાના-મોટા કેસો કરીને સંતોષ માનવાના બદલે દારૂનું મસમોટું નેટવર્ક ચલાવતા મોટા સપ્લાયરો અને સંચાલકો સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે. ખેડા જિલ્લો અનેક મહત્વના સ્ટેટ અને નેશનલ હાઈવે સાથે જોડાયેલો હોવાથી અહીંથી દારૂની ગેરકાયદેસર હેરાફેરી અટકાવવા વિશેષ તપાસ હાથ ધરવામાં આવે તે અત્યંત જરૂરી છે. આ ઉપરાંત પ્રોહિબિશન વિભાગ દ્વારા જિલ્લામાં ઘનિષ્ઠ દરોડા પાડવામાં આવે, શંકાસ્પદ દારૂના જથ્થાને તાત્કાલિક એફ.એસ. એલ. (FSL)માં તપાસ માટે મોકલવામાં આવે અને ફરજમાં બેદરકારી દાખવતા સરકારી કર્મચારીઓ સામે પણ કડક પગલાં લેવામાં આવે તેવી રજૂઆત કરાઈ છે.

આ આવેદનપત્રો આપવા માટે ખેડા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મહેન્દ્રસિંહ રાણા, પૂર્વ પ્રમુખ રાજેશસિંહ પરમાર અને સંજય પટેલ સહિતના સ્થાનિક હોદ્દેદારો વહીવટી તંત્ર સમક્ષ ઉપસ્થિત રહ્યા હતા અને પોતાની માંગણીઓ મક્કમતાથી રજૂ કરી હતી.

વિકાસ કાર્યોમાં રાજકીય પક્ષપાત બંધ કરો: ડીડીઓ સમક્ષ આક્રોશ

ખેડા જિલ્લા વિકાસ અધિકારીને પાઠવવામાં આવેલા આવેદનપત્રમાં તાલુકા પંચાયતોની નવી બોડીઓની રચના બાદ ગ્રાન્ટની ફાળવણીમાં સત્તાધારી પક્ષ દ્વારા ભારે ભેદભાવ રખાતો હોવાનો આક્ષેપ કોંગ્રેસે કર્યો છે. કોંગ્રેસના મેન્ડેડ પર વિજેતા બનેલા વિરોધ પક્ષના સભ્યોના વિસ્તારોમાં પણ સમાન અને પારદર્શક રીતે વિકાસ કાર્યોની ફાળવણી થવી જોઈએ. કોંગ્રેસે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, સરકારી ગ્રાન્ટ અને જાહેર નાણાંનો ઉપયોગ કોઈ ચોક્કસ રાજકીય પક્ષ કે વિચારસરણીના આધારે નહીં, પરંતુ સ્થાનિક જરૂરિયાત અને વસ્તીના ધોરણે થવો જોઈએ. અગાઉની બોડી દ્વારા મંજૂર કરવામાં આવેલા પરંતુ હજી સુધી પેન્ડિંગ રહેલા વિકાસ કાર્યોની નિયમસર પુન:સમીક્ષા કરીને તેને વહેલી તકે અમલમાં મૂકવાની માંગ પણ કરાઈ છે. આ સાથે જ તમામ સભ્યો પાસેથી તેમના વિસ્તારના વિકાસ કામોના પ્રસ્તાવો મંગાવવામાં આવે અને જો કોઈ કામ નામંજૂર થાય તો તેનું કારણ લેખિતમાં આપવાની પારદર્શક પદ્ધતિ અપનાવવા જણાવાયું છે.

આણંદ શહેરમાં ડોક્ટરની ઘેર હાજરીમાં નોકરે હાથસાફ કર્યો

આણંદમાં ગાયનેકના ઘરમાંથી ૨.૮૭ લાખના ઘરેણાંની ચોરી

આણંદ ટાઉન પોલીસે પૂર્વ ડ્રાઇવર પર શંકાના આધારે ગુનો નોંધ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૨૧

આણંદ શહેરના પાયોનિયર હાઈસ્કૂલ પાસે આવેલી પટેલ કોલોનીમાં રહેતા અને નીના નર્સિંગ હોમ ચલાવતા વરિષ્ઠ ગાયનેક ડોક્ટરના બંધ બેડરૂમની તિજોરીમાંથી ૨.૮૭ લાખની કિંમતના સોના અને હીરાજડિત ઘરેણાં ચોરાયાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ ચોરીની ઘટનામાં ડોક્ટરના પૂર્વ ડ્રાઈવર સામે ગંભીર શંકા વ્યક્ત કરવામાં આવતા પોલીસે કાયદેસરનો ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

આણંદ શહેરની પટેલ કોલોનીમાં રહેતાં ૭૧ વર્ષીય ડો. જીતેન્દ્રકુમાર મુળચંદભાઈ શાહના સંતાનો અમેરિકા સ્થાયી થયેલા છે અને તેઓ અહીં પત્ની સાથે રહે છે. ભાઈબીજના તહેવાર નિમિત્તે તેમના પત્નીએ પહેરેલી ૪ નંગ હીરાજડિત બંગડીઓ, ૪ નંગ સોનાની પહોળા પટ્ટાવાળી બંગડીઓ અને ૧ નંગ સોનાનું કડું મળી કુલ કિંમત ૨,૮૭,૫૦૦ બેડરૂમમાં રાખેલી લોખંડની તિજોરીમાં સુરક્ષિત મૂક્યા હતા, જે ૨૮મી જાન્યુઆરીના રોજ ગાયબ હોવાનું જણાયું હતું.

આથી, ઘરના કેરટેકર દિનેશભાઈની પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે, જાન્યુઆરી મહિનાની શરૂઆતમાં ડ્રાઈવર જગદીશ નાનજીભાઈ નાયક સોલાર પેનલ સાફ કરવાના બહાને ઉપર ગયો હતો, પરંતુ તે ધાબા પર જવાને બદલે બેડરૂમનો દરવાજો અંદરથી બંધ કરીને રોકાયો હતો. અન્ય કામવાળાએ દરવાજો ખખડાવતાં તે ફોન પર વાત કરતો કરતો બહાર નીકળ્યો હતો.

આ અંગે પોલીસ દ્વારા પૂછપરછ કરવામાં આવતા ડ્રાઈવર જગદીશ નાયક કોઈ સંતોષકારક જવાબ આપી શક્યો નહોતો. આ સમગ્ર મામલે આણંદ ટાઉન પોલીસે ચોરીનો ગુનો નોંધી શકમંદ પૂર્વ ડ્રાઈવર સહિતના અન્ય સ્ટાફ સામે ઊંડાણપૂર્વકની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

અગાઉની રજૂઆતોનો મુદ્દો ચર્ચામાં આવતા ગરમાવો

સિંધાલી ગામની ગ્રામસભામાં વિકાસના કામો મુદ્દે મારામારી

મામલો પોલીસ મથકે પહોંચ્યા બાદ આગેવાનોએ માંડ સમાધાન કરાવ્યું

(પ્રતિનિધિ) મહુધા તા.૨૧

મહુધા તાલુકાના સિંધાલી ગામમાં પંચાયત કચેરીના પટાંગણમાં તાલુકા પંચાયતના કર્મચારીઓની હાજરીમાં યોજાયેલી ગ્રામસભામાં ભારે ઘર્ષણ સર્જાયું છે. ગામમાં ચાલતા વિકાસલક્ષી કાર્યો અને પ્રાથમિક સુવિધાઓ અંગે ચર્ચા દરમિયાન, કથિત ગેરરીતિઓ અંગે અગાઉ કરાયેલી રજૂઆતોનો મુદ્દો ચર્ચામાં આવતા વાતાવરણમાં ભારે ગરમાવો આવી ગયો હતો.

મહુધા તાલુકાના સિંધાલી ગામની ગ્રામસભામાં જાગૃત નાગરિકોની રજૂઆતોથી અકળાયેલા સત્તા પક્ષના ટેકેદારો મેદાનમાં આવ્યા હતા અને રજૂઆતકર્તાઓ સાથે સીધી શાબ્દિક ટપાટપી શરૂ કરી હતી, જે જોતજોતામાં છૂટાહાથની મારામારીમાં પરિણમી હતી. આ સભામાં થયેલા આ ઉગ્ર ઘર્ષણને કારણે હાજર અન્ય ગ્રામજનોમાં ભારે ભય અને નાસભાગ મચી ગઈ હતી. પરિસ્થિતિ વણસતા બંને પક્ષના લોકો તાત્કાલિક મહુધા પોલીસ મથકે દોડી ગયા હતા. જ્યાં ગામના અગ્રણીઓની લાંબી સમજાવટ અને મધ્યસ્થી બાદ આખરે બંને પક્ષો વચ્ચે સમાધાન થયું હતું.

જો કે, આ ઘટના પાછળ મુખ્ય કારણ ગ્રામજનોનો એ રોષ છે કે વારંવાર રજૂઆતો કરવા છતાં ગ્રામ કે તાલુકા પંચાયત દ્વારા ધ્યાન અપાતું નથી અને કામોમાં ગડબડ થઈ રહી છે.

વડતાલધામમાં હરિ જયંતીના પાવન પર્વે ૨૦૦ કિલો ડ્રેગન ફ્રુટ ઉત્સવની ભવ્ય ઉજવણી



સ્વામિનારાયણ સંપ્રદાયના તીર્થધામ વડતાલમાં હરિ જયંતીના શુભ દિને ભગવાન સમક્ષ ૨૦૦ કિલો ડ્રેગન ફ્રુટનો ભવ્ય ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. મુંબઈ નિવાસી ક્લ્પેશભાઈ તથા મનીષભાઈ શાહના યજમાનપદે યોજાયેલા આ અનોખા ઉત્સવમાં હજારો હરિભક્તોએ દેવોના દર્શનનો અલૌકિક લાભ લઇ ધન્યતા અનુભવી હતી. વડતાલ મંદિરના ચેરમેન ડો. સંત વલ્લભદાસજી સ્વામીએ જણાવ્યું કે દેવોના રાજીપા અર્થે મંદિરમાં ઋતુ પ્રમાણેના ફળોનો અન્નકૂટ ધરાવવાની પરંપરા છે.

રાજસ્થાનની યુવતી સાથે મંદિરમાં લગ્ન કર્યા બાદ નવવધૂ ગાંધીનગરથી રાતોરાત ગુમ

ગળતેશ્વરના વાડદ ગામના લગ્નવાંચ્છુ યુવક સાથે 'લૂંટેરી દુલ્હન'ની છેતરપિંડી

લગ્ન કરાવી વચેટિયા અને દુલ્હન ૩. ૧.૫૦ લાખ રોકડા તથા દાગીના લઈ ફરાર

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૧

ગળતેશ્વર તાલુકાના વાડદ ગામના એક યુવક સાથે લગ્નના નામે મોટી છેતરપિંડી આચરવામાં આવી છે. વચેટિયાઓએ યુવક પાસેથી લગ્ન કરાવવાના બહાને કટકે કટકે રૂ. ૧.૫૦ લાખની રોકડ રકમ તેમજ રૂ. ૨૫,૫૦૦ની કિંમતના ચાંદીના દાગીના પડાવી લીધા હતા. લગ્ન બાદ યુવતી તેના પતિ સાથે ગાંધીનગર ગયા પછી રાતોરાત ફરાર ગઈ હતી.

ગળતેશ્વરના વાડદ ગામના ઠાકોરવાસમાં રહેતા ૪૦ વર્ષીય પ્રવિણભાઈ ખેતીકામ કરે છે અને ગાંધીનગર ખાતે નારદીપુર ગામે એક તબેલામાં નોકરી કરે છે. પ્રવિણના કાકા ડાહ્યાભાઈ મારફતે તેમનો સંપર્ક બલાઢા ગામના વચેટિયા મુન્ના રસુલ શેખ સાથે થયો હતો. મુન્નાએ લગ્ન માટે યોગ્ય છોકરી શોધી આપવાના બદલામાં રૂ. ૧.૭૫ લાખની માંગણી કરી હતી. બાદમાં પ્રવિણ અને તેમના કાકા ડાહ્યા રાજસ્થાનના સીમલવાડા ગયા હતા, જ્યાં મુન્નાએ તેમની મુલાકાત નિશા નામની યુવતી અને દરીયાટીના રાજુ સાથે કરાવી હતી.

પ્રવિણને યુવતી પસંદ પડતાં લગ્ન નક્કી થયા હતા અને તે સમયે સીમલવાડા ખાતે જ મુન્નાને પ્રથમ હપ્તા પેટે રૂ. ૯૦ હજાર આપ્યાં હતા. બાદમાં નિશાને બલાઢા લાવવામાં આવી હતી અને એક દિવસ રોકાયા પછી, બીજા દિવસે વાડદ મહાદેવના મંદિરે પ્રવિણ અને નિશાના લગ્ન થયા હતા. લગ્ન પ્રસંગે પ્રવિણે નિશાને ચાંદીનું મંગળસૂત્ર અને રૂ. ૨૫,૫૦૦ની કિંમતની ચાંદીની ઝાંઝરી આપી હતી. લગ્ન પૂર્ણ થયા બાદ મુન્નાની માંગણી અનુસાર રાજુને રૂ. ૩૫ હજાર અને રૂ. ૨૫ હજાર રોકડા અપાયા હતા. આમ, વચેટિયાઓએ કટકે કટકે કુલ રૂ. ૧.૫૦ લાખ ખંખેરી લીધા હતા. જોકે, લગ્નના થોડા દિવસ બાદ મુન્ના વાડદ આવ્યો હતો અને પિયર જવાનું કહી નિશાને સીમલવાડા લઈ ગયો હતો. જ્યાં ૧૫ દિવસ બાદ મુન્ના ફરીથી નિશાને વાડદ મૂકી ગયો હતો. બીજા જ દિવસે પ્રવિણ પત્ની નિશાને પોતાની સાથે ગાંધીનગર નોકરીના સ્થળે લઈ ગયો હતો. ત્યાં રાત્રે સૂઈ ગયા બાદ સવારે જાગીને જોતાં નિશા ઘરમાંથી ગાયબ હતી અને આસપાસ તપાસ કરવા છતાં તેનો કોઈ પત્તો મળ્યો ન હતો. પ્રવિણે વચેટિયા મુન્નાને ફોન કરતાં તેણે સંતોષકારક જવાબ આપ્યો ન હતો અને પૈસા પણ પરત કર્યા ન હતા. આખરે પ્રવિણે નિશા, મુન્ના રસુલ શેખ અને રાજુ વિરુદ્ધ સેવાલીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

એક જ ઘરમાં પરણેલી બે સગી બહેન પર સાસરીયાનો ત્રાસ

'વાંઝણી' કહી મારઝૂડ કરી કાઢી મુકાતા ૫ સામે ગુનો દાખલ

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.૨૧

બાલાસિનોરમાં એક જ ઘરમાં લગ્નગ્રંથિથી જોડાયેલી બે જુડવા બહેનોને ઘરકામ તેમજ સંતાન ન થતા હોવાના મહેણાં મારી, ત્રાસ ગુજારી ઘરમાંથી હાંકી કાઢવાની ઘટના સામે આવી છે.

બાલાસિનોરના ભાંથલા રોડ પર રહેતા ગંગાબેન અને તેમની જુડવા બહેન જમનાબેનના લગ્ન મે-૨૦૨૨માં રીત-રિવાજ મુજબ અનુક્રમે રોહિતભાઈ વાસફોડા અને અરૂણભાઈ વાસફોડા સાથે થયા હતા. લગ્ન બાદ સંયુક્ત પરિવારમાં રહેતી બંને બહેનોને એકાદ મહિના બાદથી જ નાની-નાની બાબતોમાં ઝઘડા કરી ત્રાસ આપવાનું શરૂ કરાયું હતું.

આ અંગે પીડિત પરિણીતાએ ફરિયાદમાં આક્ષેપ કર્યો છે કે, તેમના પતિ અને સાસરીયાઓ બોડેલી ખાતે સિમેન્ટના ચૂલા બનાવવાનું કામ કરતા હતા, જેમાં બંને બહેનો મદદ કરતી હોવા છતાં તેમની સાથે અવારનવાર મારઝૂડ કરવામાં આવતી હતી. આ ઉપરાંત, આરોપીઓ દરરોજ દારૂ પીને "તમે વાંઝણી છો, તમારે છોકરા થતા નથી, પિયર જતી રહો, અમે બીજા લગ્ન કરીશું" તેમ કહી ત્રાસ આપતાં હતાં.

સમાજના અગ્રણીઓ સાથે રાખી સમાધાનના પ્રયાસો કરવા છતાં સાસરીયાએ છૂટાછેડાની માંગણી કરી હતી. આખરે ગંગાબેનએ પતિ રોહિતભાઈ, દિયર અરૂણભાઈ, સસરા રયજીભાઈ, સાસુ કૈલાસબેન અને કાકા સસરા ભલાભાઈ સામે મહિસાગર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

આણંદમાં મત્સ્યોદ્યોગ થકી પંચાયતોને અંદાજે ૫૦ લાખથી વધુની આવક થશે

૬૬ સરકારી તળાવોની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ, ગ્રામીણ સ્તરે રોજગારીની નવી તકો સર્જાશે

(પ્રતિનિધિ) આણંદ તા.૨૧

આણંદ જિલ્લામાં ગ્રામ પંચાયત અને નગરપાલિકા હસ્તકના કુલ ૬૬ ગામ તળાવોની ટેન્ડર પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરી દેવામાં આવી છે. આ ટેન્ડર પ્રક્રિયા આણંદ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી દેવાહુતીના અધ્યક્ષસ્થાને મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકની કચેરી દ્વારા આણંદ સ્થિત અનિકેત ખેડૂત નિવાસ ખાતે હાથ ધરવામાં આવી હતી. આ મહત્વપૂર્ણ પ્રક્રિયા થકી પંચાયતોની આવકમાં ધરખમ વધારો થવાની સાથે સ્થાનિક સ્તરે આજીવિકામાં મોટો સુધારો થશે.

આ નિર્ણયથી સરકારી નીતિઓના પ્રભાવશાળી અમલીકરણ દ્વારા ગ્રામીણ અર્થતંત્રને એક નવો વેગ મળવાની મજબૂત આશા બંધાઈ છે. ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થતાં જ જિલ્લાની વિવિધ ગ્રામ પંચાયતોને અંદાજે રૂ. ૫૦ લાખથી વધુની મોટી આવક થવાનો અંદાજ છે. આ આવક પંચાયતોને સ્વનિર્ભર બનાવવા માટે પાયાની ભૂમિકા ભજવશે.

આ ઉપરાંત, આ હરાજીના કારણે સ્થાનિક કક્ષાએ જ મત્સ્યઉદ્યોગ સાથે જોડાયેલા લોકો માટે રોજગારીની નવી તકોનું સર્જન થશે, જે ગ્રામીણ અર્થવ્યવસ્થાને વધુ મજબૂત બનાવશે.

ઉચ્ચ અધિકારીઓની દેખરેખ હેઠળ પ્રક્રિયા

આ સમગ્ર હરાજી પ્રક્રિયા ઉચ્ચ વહીવટી સ્તરે ખૂબ જ વ્યાવસાયિક રીતે હાથ ધરવામાં આવી હતી. જેમાં અધ્યક્ષ સ્થાને આણંદ જિલ્લા વિકાસ અધિકારી દેવાહુતી, આયોજક વિભાગમાં મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકની કચેરી, આણંદ રહ્યાં હતાં.

કુલ તળાવો: ૬૬ (ગ્રામ પંચાયત અને નગરપાલિકા હસ્તકના તળાવો)
અંદાજિત આવક: રૂ. ૫૦ લાખથી વધુ (પંચાયતો માટે આવકનો સ્ત્રોત)
લાગુ સરકારી નીતિ: ગામ તળાવ ઇજારા નીતિ-૨૦૦૩
સ્થળ: અનિકેત ખેડૂત નિવાસ, આણંદ

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225